GJBK160006742024

सत्यमेव जयते

| | | |
|---|---|---|
| **આંક** | – | **૨૩** |
| **રજુ.તા.** | – | ૨૯–૦૪–૨૦૨૪ |
| **દાખલ તા.** | – | ૨૯–૦૪–૨૦૨૪ |
| **ફેસલ તા.** | – | ૦૮–૦૪–૨૦૨૬ |
| **અવધી** | – | **૦૧** વર્ષ, **૧૧** માસ, **૧૦** દિવસ |

## *શિહોરીના મહે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસની કોર્ટમાં, મુ.શિહોરી*

**ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૧૧૨/૨૦૨૪**

| | |
|---|---|
| દેસાઈ (રબારી) લીલુબેન રત્નાભાઈ વા.ઓ. વિરભણભાઈ રૂપાભાઈ રબારી,<br>ઉ.વ.૪૦, ધંધો–ઘરકામ, રહે.ઉણ, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા | .....અરજદાર. |
| *વિરૂધ્ધ* | |
| (૧) દેસાઈ(રબારી) વિરણભાઈ રૂપાભાઈ.<br>ઉ.વ.આ.૪૦, ધંધો–ખેતી,<br>(૨) દેસાઈ(રબારી) રૂપાભાઈ વિસાભાઈ,<br>ઉ.વ.આ.૬૫, ધંધો–ખેતી,<br>(૩) દેસાઈ (રબારી) દેવલબેન વા.ઓ.રૂપાભાઈ,<br>ઉ.વ.આ.૬૦, ધંધો–ખેતી,<br>(૪) દેસાઈ(રબારી) વલમબેન ડો.ઓ.રૂપાભાઈ,<br>ઉ.વ.આ.૩૫, ધંધો–ખેતી,<br>(૫) દેસાઈ(રબારી) વિનાબેન ડો.ઓ. રૂપાભાઈ,<br>ઉ.વ.આ.૩૨, ધંધો–ખેતી,<br>તમામ રહે.જાસનવાડા, રબારીવાસ, તા.ભાભર, જી.બનાસકાંઠા | .....સામાવાળાઓ. |

| | | |
|---|---|---|
| **અરજઃ–** | | **કૌટુંબીક હીંસાથી સ્ત્રીઓનું રક્ષણ કરવાના અધિનિયમ–૨૦૦૫ના કાયદાની કલમ ૧૨ હેઠળ** |

| | | |
|---|---|---|
| અરજદાર તરફે વિ.વ.શ્રી. | – | આર.કે.મનસુરી |
| સામાવાળાઓ તરફે વિ.વશ્રી– | – | આર.વી.ચૌધરી |

***–::ઠરાવ::–***

(૧) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારનું પ્રથમ લગ્ન મોટી પીપળી મુકામે શંકરભાઈ જામાભાઈ સાથે ૮ વર્ષ અગાઉ થયેલ હતુ અને તેઓના પતિ મરણ જતા તેઓ નિઃસંતાન વિધવા બનેલ તેમજ તેઓનું બીજુ લગ્ન સુબાપુરા તા.રાધનપુર મુકામે થયેલુ હતુ જેમા મન મેળ નહી આવતા સામાજીક રીતે છુટાછેડા લીધેલા તેમજ આ કામના સામાવાળા નં.૧ ના લગ્ન અગાઉ મોટી પીપળી તા.રાધનપુર મુકામે થયેલુ અને મન મેળ નહીં આવતા છુટાછેડા થયેલા તેમજ સામાવાળા નં.૧ નુ બીજુ લગ્ન સીસોદરા તા.ભાભર મુકામે થયેલ હતુ જેમા પણ મનમેળ નહી આવતા છુટાછેડા થયેલા અને હાલમા તેઓની સાથેનુ ત્રીજુ લગ્ન આજથી આશરે ૩ વર્ષ પહેલા હિન્દુ–શાસ્ત્રોકત વિધિથી ઉણ મુકામે થયેલા અને ત્યારથી અરજદાર સામાવાળાના કાયદેસરના પત્નિ છીએ. તેમજ અરજદારના ભાઈ દેવરાજભાઈ ની પત્ની મરણ ગયેલ હોઈ અને તેઓને આ લગ્ન જીવનથી તેઓને બે સંતાનો નામે જીજ્ઞેશ ઉ.વ.આ.૧૧ તથા પુત્ર દિયા ઉ.વ.આ.૯ વાળો છે અને અરજદારના ભાઈનુ બીજુ લગ્ન આ કામના સામાવાળા નં.૧ ના બહેન એટલે કે આ કામના સામાવાળા નં.૪ સાથે થયેલું. આમ તેઓના લગ્ન સામ સાટે થયેલા છે આ કામના સામાવાળા નં.ર સસરા થાય છે, નં.૩ સાસુ થાય છે અને નં.૪ અને ૫ નણંદો થાય છે અને લગ્ન વખતે અરજદારને તેઓના પિતાજીએ તેમની શકિત મુજબ ૯ તોલા સોનાના દર દાગીના જેમા સોનાનો હાર, હાથના પંજા, લોકેટ કાનની બુટી, સોનાની પગમા પહેરવાની શેર, ૧૦ જોડ કપડા, તેમજ રસોડા સેટ, અન્ય ભેટ સોગાદો, તથા અન્ય ઘરવખરી લઈને અમો સામાવાળાઓને ઘરે સંયુકત કુંટુંબમાં રહેવા ગયેલા. લગ્નબાદ શરૂઆતમાં તેઓનો ઘરસંસાર સારી રીતે ચાલેલો અને ત્યારબાદ છેલ્લા બે વર્ષથી તેઓને સંતાન થતુ ન હોઈ જેથી સામાવાળા નં૧ અરજદારના પતિ તથા સામાવાળા નં.૨ થી ૫ વાળા મહેણા મારીને કહે છે કે, તુ વાઝણી છે તારે બાળક થતુ નથી તેમ કહી અરજદારને મારઝુડ કરી તેઓના પતી તેઓને માર મારી શારીરીક ત્રાસ આપતા હતાં અને તેઓના સસરા સાસુ તથા નણંદો કહેતા કે તુ દહેજમા કાંઈ લાવી નથી તારા બાપના ત્યાંથી અમોએ કહીએ તેટલા રૂપિયા

લઈ આવ તો જ તને રાખવી છે નહી તો રાખશુ નહી તેમ કહી મેણા ટોણા મારતા હતા તેમજ તેઓના સાટામા અરજદારના ભાઈ દેવરાજભાઈનુ લગ્ન સામાવાળા નં.૪ વાલમબેન સાથે કરેલ હતુ તે પણ અરજદારના ભાઈ તેમજ તેઓના ઘરનાઓ સાથે ઝગડા કંકાસ કરી એવુ કહેતા કે તારી બેનને બાળક થતુ નથી હુ પણ તારા ઘરમા રહીશ નહી તેમ કહી તે પણ પોતાના પીયર ચાલી ગયેલ છે અને અરજદારના કુટુંબીઓએ વાલમ બેનને તેડી લાવવા સારુ કરી ઘણા પ્રયત્ન કરેલા પરંતુ તે આવવા માગતા ન હોઈ તેમ છતા પણ અરજદાર એક દિવસ સારુ થઈ જસે તેવી આશા સાથે તેઓના ભવિષ્યનું વિચાર કરીને સામાવાળાઓનો તમામ ત્રાસ મુંગા મોએ સહન કરતી હતી પરંતુ સામાવાળાઓ સુધરતા ન હતા અને અરજદારને મેણા ટોણા મારતા અને અરજદાર તેમને સમજાવવા જાય તો એકદમ ઉશ્કેરાઈ જતા અને જે હાથમા આવે તે છુટુ મારી અરજદારને મા બહેન સામે ભૂંડી ગાળો બોલતા હતા તેમજ અરજદારને કોઈ ની સાથે વાત પણ કરવા દેતા ન હતા અને અરજદારને ઘરમા પુરીને રાખતા હતા તેમ છતા તેઓને એક ભવ મા બે ભવ ના કરવા પડે તે માટે તેઓ તમામ ત્રાસ મૂંગા મોએ સહન કરતા હતા અને તેઓના સાસુ સસરા નણંદો પણ મેણા ટોણા મારી કહેતા કે તુ વાઝણી છે અને અમોને ગમતી નથી તેમજ તુ અમારા ઘરમા શોભે તેવી નથી અને તારા બાપના ત્યાથી દહેજમાં કાઈ લાવી નથી અમારે તો વધારે દહેજ આપે તેવી અને રૂપાળી વહુ લાવવી હતી આમ કહી મને માનસીક તથા શારીરીક ત્રાસ આપતા હતા અને આમ સામાવાળાઓએ અરજદાનરને કહેલ કે તારે બાળક થતુ નથી અમારે તને રાખવી નથી તેમ કહી ગડદા પાટુનો માર મારી અરજદારના તમામ દાગીના પડાવી લઈ આજથી આશરે છ માસ અગાઉ પહેરેલ કપડે કાઢી મુકેલી જેથી અરજદાર તેઓના પીયર આવેલા અને ત્યાર બાદ તેઓના માતા પિતા તથા તેઓના સમાજના આગેવાન માણસોએ સામાવાળાઓને તેઓને તેડી જવા સમજાવેલા પરંતુ સામાવાળાઓ માનેલા નહી અને તેડી જતા ન હોઈ આ સામાવાળાઓ હાલમા પણ અરજદારને છુટા છેડા કરાવવા માટે ખુબ જ દબાણ કરે છે અને કહે છે કે જો તુ મને છુટા છેડા નહી આપે તો અમો તને જાનથી મારી નાખીશું અને ત્યાર બાદ સામાવાળાઓ અરજદારને તેડી જવા માટે અમારા સમાજના માણસો મારફત તેમજ અમારી મારફત કહેડાવેલ છતાં આ કામના સામાવાળાઓ તેડી જતાં નથી. જેથી હાલમાં તેઓના પિયરમા ઓશિયાળું જીવન ગુજારીએ છે અને આમ આ કામના સામાવાળાઓએ અરજદારને કાઢી મૂકયા બાદ સામાવાળાઓ તેઓને તેડવા આવેલ નથી તેમ છતા તેઓએ મહે.ડીસા કોર્ટમાં અરજદારને તેડી જવા સારુ કરી ખોટી હકીકતો ઉભી કરી ખોટી અરજી દાખલ કરેલ છે અને અમારી કે અમારા ભરણપોષણની કોઈ દરકાર કરેલ નથી. આમ સામાવાળાઓએ અરજદારને કાઢી મૂકતાં હાલમાં ઉણ મુકામે તેઓના પિતાજીને ત્યાં ઓશિયાળું જીવન ગુજારે છે અને આ કામના સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ

છે. અમો અરજદાર સામાવાળાઓ સાથે રહેવા તૈયાર છે અને સામાવાળાનં.૧ સાથે લગ્ન હકકો ભોગવવા રાજી અને ખુશી છે. આમ છતાં સામાવાળા નં.૧ તેઓની સાથે ન રહી તેઓને સાથે ના રાખી લગ્ન હકકો ભોગવવા દેતા ના હોઈ અને તેઓનું આજદીન સુધી ભરણપોષણ કરેલ ના હોઈ અને તેઓના સ્ત્રી ધનના તમામ દર દાગીના તેમજ ચીજવસ્તુઓ આ કામના સામાવાળાઓએ પડાવી લીધેલ હોઈ અને અરજદારના પિતા ને ત્યા એકદમ ઓશિયાળુ જીવન જીવવુ પડે છે. અરજદાર કોઈ કામ ધંધો કરતા ન હોઈ અને કોઈ કૌશલ્ય કે કલા કારીગરી જાણતા ન હોઈ તેઓ તેઓનું ભરણપોષણ કરી શકવાને પુરતુ પણ કમાઈ શકતા નથી. જેથી આ અરજી દાખલ કરવાની જરૂર પડેલ છે.

(૨) વધુમાં, અરજદારે તેઓની અરજીમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા જાસનવાડા મુકામે ૧૦ વિઘા જમીન ધરાવે છે અને ત્રણેય સીજન ખેતી છે અને તેમાથી વાર્ષિક રૂા.૫,૦૦,૦૦૦/- આવક મેળવે છે તેમજ પશુપાલન કરી ડેરીમા ધુધ ભરાવી માસીક રૂા. ૩૦,૦૦૦/- ની આવક મેળવે છે આમ સામાવાળા વાર્ષિક કુલ રૂા.૮,૬૦,૦૦૦/- જેટલુ કમાય છે જે પોતાની પાસે જમા રાખે છે અને તેઓને અરજદાર સિવાય બિજા કોઈની જવાબદારી નથી.

(૩) ઉપરોક્ત અરજી અનુસંધાને અરજદારની અરજી ફોજદારી પરચુરણ અરજી રજીસ્ટરે લેવાનો હુકમ પુરોગામી અદાલત દ્વારા કરવામાં આવેલ અને સામાવાળાઓને નોટીસ ઈશ્યુ કરવાનો તેમજ પ્રોટેક્શન ઓફીસરનો ઘરેલુ હીંસા મતલબનો રિપોર્ટ મંગાવવા હુકમ કરવામાં આવેલ.

(૪) બાદ, આંક-૦૪ થી પ્રોટેકશન ઓફીસરનો રિપોર્ટ અત્રેની અદાલતમાં રજુ થયા બાદ આ કામના બાદ સામાવાળાઓને નોટીસ બજી જતા આ કામના સામાવાળાઓ અદાલત સમક્ષ હાજર થયેલા અને આંક-૧૧ થી લેખીત જવાબ રજુ થયેલો જેમાં સામાવાળાઓએ અરજદારની અરજીની હકીકતોનો મુખ્યત્વે ઈન્કાર કરી જણાવેલ છે કે, અમો સામાવાળા નં.૧ના બેનને આ કામના અરજદારના ભાઈ માનસીક શારીરીક ત્રાસ આપતા હોય અને સમાજના માણસો દ્વારા આ બાબતે અરજદારના ભાઈ તેમજ તેઓના કુટુંબીજનોને આ બાબતે મનાવવા પ્રયત્નો કરેલ તેમ છતા તેઓ માનેલા નહી. જેથી ના છુટકે સામાવાળા નં.૧ની બહેન અરજદારના ભાઈ વિરુદ્ધ ભાભર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલ જેનો ક્રીમીનલ કેસ નં.૬૧૦/૨૦૨૪ નામ.ભાભર કોર્ટમાં હાલે પેન્ડીંગ છે. વધુમાં, આ કામના સામવાળા નં.૧ની બહેનને આ કામના અરજદારના ભાઈ તેડી જતા ન હોય કોઈ ભરણપોષણની દરકાર લીધેલ ન હોય ભરણપોષની અરજી ક્રી.પર. અરજી નં.૪૮/૨૦૨૪ થી પણ ભાભર કોર્ટમાં કરેલ. દિયોદરમાં ફેમીલી કોર્ટ આવતા હાલમાં સદર અરજી ત્યા ટ્રાન્સફર થયેલ છે અને જેનો નવો ક્રી.પર.અરજી નં.૪૭/૨૦૨૪ પડેલ છે જે હાલ પેન્ડીંગ છે. વધુમાં, તેઓએ જણાવેલ છે કે, આ કામના

સામાવાળા નં.૧નાએ અરજદારને તેડી જવા સતત પ્રયત્નો કરેલ તેમજ સમાજના માણસો દ્વારા અરજદારને તેડી લાવવાનો પ્રયત્નો કરેલ છતા પણ તેઓ માનતા ન હોય સામાવાળા નં.૧નાએ કાયદાકીય રીતે અરજદાર સાથે લગ્ન પુનઃસ્થાપીત કરવા સારૂ નામદાર કોર્ટમાં એચ.એમ.પી. નં.૨૮/૨૦૨૪ દાખલ કરેલ જે હાલે નામદાર ફેમીલી કોર્ટમાં પેન્ડીંગ છે. વધુમાં, તેઓએ જણાવેલ છે કે, આ કામના અરજદાર આ કામના સામાવાળાઓને ખોટી રીતે હેરાન પરેશાન કરવા માંગતા હોય અને તેઓની બહેનને કરેલ કેસોની અદાવત રાખી આ કામના અરજદારે તેઓના તથા તેઓના પરિવાર વિરૂદ્ધ હાલની અરજી કરેલ છે. વધુમાં, તેઓ જણાવેલ છે કે, તેઓ આ કામના અરજદારને હાલ પણ તેડી જવા તૈયાર છે અને ભુતકાળમાં પણ તેડી જવા તૈયાર હતા. આમ, અરજદારની અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫) ઉપરોક્ત કેસના અનુસંધાને અરજદારપક્ષ દ્વારા મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવાઓ નીચે મુજબના રજુ કરવામાં આવેલા છે.

| **અરજદાર તરફે મૌખીક પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૧૩ | અરજદાર- દેસાઈ(રબારી) લીલુબેન રત્નાભાઈનું સરતપાસનું સોગંદનામુ |

(૬) આ કામે અરજદારપક્ષ તરફે ઉપરોક્ત પુરાવા રજુ કર્યા બાદ આંક-૧૬ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરી તેઓનો પુરાવો બંધ થયાની જાહેરાત કરતા સદર કામ સામાવાળાઓના પુરાવાના સ્ટેજ પર રાખવામાં આવતા સામાવાળાઓ તરફે નીચે મુજબના મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ થયેલા.

| **સામવાળા તરફે મૌખીક પુરાવો** | | |
|---|---|---|
| **ક્રમ નં.** | **આંક** | **વિગત** |
| (૧) | ૨૧ | સામવાળા નં.૧ રબારી(દેસાઈ) વિરભણભાઈ રૂપાભાઈનું સરતપાસનું સોગંદનામુ |

સદર ઉપરોક્ત મુજબના સામવાળા પક્ષે તરફે મૌખીક પુરાવો રજુ કર્યા બાદ આંક-૧૯ થી પુરાવા બંધની પુરસીસ રજુ કરતા સદર કામ પક્ષકારોની દલીલો પર મુલતવી રાખવામાં આવેલ.

(૭) ઉપરોક્ત પક્ષકારોના પુરાવા પુર્ણ થયા બાદ આ કામે અરજદાર તરફે તેઓની અરજી મુજબ મૌખીક દલીલો કરી અરજદારની અરજીમાં જણાવેલ દાદ આપવા રજુઆત કરેલ છે જ્યારે આ કામના સામાવાળા તરફે થયેલ દલીલો લક્ષમાં લેવામાં આવે તો તેઓએ આપેલ આંક-૧૧ થી રજુ કરેલ લેખીત જવાબ મુજબની મૌખીક દલીલો કરી અરજદારની અરજી નામંજુર કરવા રજુઆત કરેલ છે.

(૮) હવે, આ કામે અરજદાર તરફે આંક-૧૪થી રજુ થયેલ સરતપાસનું સોગંદનામુ લક્ષમાં લેવામાં આવે તો, તેઓએ આંક-૦૧વાળી અરજીમાં જણાવેલ હકીકતો મુજબનો પુરાવો આપેલ છે જયારે સાામાવાળાઓ તરફે અરજદારની થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે "મને લખતા વાંચતા આવડે છે. મે આ અરજી કરી તેના બે વર્ષ પહેલા મારા લગ્ન સામાવાળા નં.૧ સાથે થયેલા છે. એ વાત ખરી છે કે આ અરજી કરી તેના દોઢેક વર્ષ અગાઉથી હું મારા પિયરમાં રહેતી હતી. એ વાત ખરી છે કે હુ મારા પિતાના ઘરે સુખ શાંતિથી રહુ છુ સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે મારા પતિ મને હેરાન પરેશાન કરવા આવે છે.એ વાત ખરી છે કે હુ મારા પિતાના ઘરે મારા પિતા મારા ભાઈ તથા મારા ભાઈના અગાઉની પત્નીના બે સંતાનો સાથે રહુ છુ. એ વાત ખરી છે કે હુ મારા પિતાના ઘરે મારા પિતા તથા ઘરના સભ્યોની રસોઈ કરવાની જવાબદારી તથા બાળકોને હું સાચવુ છ એ વાત ખરી છે કે મારા પિતાના ઘરે જે ઢોર ઢાંખર છે તેની સાર સંભાળ હ તથા મારી બહેન રાખીએ છીએ. એ વાત ખરી છે કે ઢોર ઢાંખર રાખવાની જગ્યા અડધો કિલોમીટર દુર આવેલી છે. એ વાત ખરી છે કે આ વાડો થરા રાધનપુર રોડને અડીને આવેલ છે. એ વાત ખરી છેકે હુ જયારથી મારા પિયરમાં રહુ છુ ત્યારથી આ વાડે એકલી અવર જવર કરુ છુ. મારા પિતાને ખેતીની જમીન નથી. મારા ભાઈ કોઈ કામધંધો કરતો નથી. મારા પિતા પણ કોઈ કામધંધો કરતા નથી. એ વાત ખરી નથી કે હુ ઢોર ઢાંખર માંથી આવક મેળવી મારા પિતાનુ ગુજરાન ચલાવુ છુ. મારા પિતાને બે ભેંસો છે. આ બંને ભેસો એક ટાઈમના ત્રણ ત્રણ લીટર દુધ આપતી હતી. હું મારી સાસરીમાં હતી ત્યારે હું ખેતરે જતી હતી. આ ખેતર કોના બોરથી પિયત થતુ તેની મને ખબર નથી. આ ખેતર કથા નામથી ઓળખાતુ તેની પણ મને ખબર નથી. એ વાત ખરી છે કે મારા પતિ દસ વીઘા જમીન ધરાવે છે તે બાબતનો કોઈ દસ્તાવેજ અમોએ રજૂ કરેલ નથી. મારા કહેવા મુજબ એક ટે કે

આશરે પચાસથી એંશી લીટર ભરાવામાં આવે તો માસીક ત્રીસ હજાર આવક થાય. એ વાત ખરી છે. કે દુધ ભરાવા જઈએ ત્યારે ડેરીમાંથી સ્લીપ આપવામાં આવે છે. એ વાત ખરી છે કે મારા પતિ ડેરીમાં દુધ ભરાવતા હોઈ તે બાબતનો કોઈ આધાર રજૂ કરેલ નથી. એ વાત ખરી નથી કે હુ લગ્ન કરીને ગઈ ત્યારે મારા પતિ તથા સાસુ સસરા સાથે રહેતી હતી. એ વાત ખરી છે કે મારી પાંચ નણ દોના લગ્ન થઈ ગયેલા છે. એ વાત ખરી છેકે મારા સાટામાં જે નણંદ છે તે સીવાયની બીજી ન દોને મોટા મોટા સંતાનો છે. એ વાત ખરી નથી કે મારા સાસુ સસરા ઉમરલાયક છે. એ વાત ખરી નથી કે મારા સસરાની ઉંમર સીતેર વર્ષ જેટલી હશે. એ વાત ખરી નથી કે મારા સસરાને શ્વાસની તકલીફ છે. એ વાત ખરી છે કે મારી સાસરીમાં મારા પતિ સીવાય બીજી કોઈ વ્યકિત કમાવનાર નથી. એ વાત ખરી નથી કે મારી સાસરીમાં તમામ જવાબદારી મારા પતિના માથે છે. એ વાત ખરી છે કે, મે હાલની અરજી કરી તે પહેલા મારા પતિએ મને તેડી જવા માટે ડીસા કોર્ટમાં અરજી દાખલ કરેલી. મને મારા પતિ લઈ જાય તો મને ઘરમાં પુરીને મારે તથા બીજો ત્રાસ આપે તેથી મારે એમની સાથે રહેવુ નથી. મને મારા પતિ કોર્ટ રૂબરૂ લખાણ કરી સારા જામીન આપે તો હુ તેમની સાથે રહેવા જવા તૈયાર છુ. એ વાત ખરી નથી કે, મારી નણંદે મારા ભાઈ તથા મારા પિતા ઉપર અરજી દાખલ કરેલી તેથી મે હાલની અરજી દાખલ કરેલી. એ વાત ખરી નથી કે હાલની અરજી મારા કાકા વાલાભાઈ તથા મારા પિતાના કહેવાથી મારા વકીલ સાહેબે તૈયાર કરેલી. એ વાત ખરી નથી કે, હુ અરજીની કોઈ વિગત જાણતી નથી."

(૯) બાદ, આ કામે સામાવાળાઓ તરફે આંક-૨૧થી રજુ થયેલ સરતપાસનું સોગંદનામુ લક્ષમાં લેવામાં આવે તો, તેઓએ આંક-૧૧ થી રજુ કરેલ લેખીત જવાબમાં જણાવેલ હકીકતો મુજબનો પુરાવો આપેલ છે જ્યારે સામાવાળા નં.૧ની અરજદાર તરફે થયેલ ઉલટતપાસ જોવામાં આવે તો, તેઓએ જણાવેલ છે કે, "એ વાત ખરી છે કે મારા પ્રથમ લગ્ન મોટી પીપળી ગામે થયેલા હતા. એ વાત ખરી છે કે તે લગ્નમાં મારે અને મારી પત્નિને મનમેળ ન આવતા સામાજીક રીતે છુટાછેડા કરેલા. એ વાત ખરી છે કે તે બાદ મારૂ બીજુ લગ્ન સીસોદરા, તા.ભાભર મુકામે થયેલ. એ વાત ખરી છે કે તે લગ્નમાં પણ મારે અને મારી પત્નિને મનમેળ ન આવતા સામાજીક રીતે છુટાછેડા થયેલા. એ વાત ખરી છે કે હાલમાં અરજદાર સાથે મારૂ ત્રીજુ લગ્ન છે. એ વાત ખરી નથી કે મારા હાલના અરજદાર સાથેના લગ્ન વખતે મારી પત્નિના માતા પિતાએ કરીયાવરમાં નવ તોલા સોના દાગીના આપેલા જેમાં, સોનાનો હાર, હાથના પંજા, લોકેટ, કાનની બુટ્ટી, પગમાં પહેરવની શેર આપેલી. એ વાત ખરી છે કે ઘરવખરીમાં દશ જોડી કપડા અને પલંગ તથા તિજોરી આપેલી. એ વાત ખરી છે કે શરૂઆતમાં અમારૂ લગ્ન જીવન

સારી રીતે ચાલેલુ. એ વાત ખરી નથી કે છેલ્લા બે વર્ષથી અરજદારને સંતાન થતુ ન હોય જેથી મે તથા મારા માતા પિતાએ એટલે કે સામાવાળા નં.૨ થી પનાઓએ મારી પત્નિને બાળકો થતા નથી તેવા મેણા ટોણા મારેલા. એ વાત ખરી નથી કે તેવુ પણ કહેતા કે, તારા બાપાને ત્યાથી કંઈ લાવેલ નથી તેવા મેણા ટોણા મારી માનસીક–શારીરક ત્રાસ આપતા. એ વાત ખરી છે કે મારી બેનના લગ્ન અરજદારના ભાઈ દેવરાજભાઈ રત્નાભાઈ સાથે થયેલા છે. એ વાત ખરી નથી કે આ કામના અરજદારને બાળક થતુ ન હોય જેથી મારી બેને અરજદારને એવુ કહેલ કે, તારે બાળક થતુ ન હોય મારે પણ તારા ભાઈનું ઘર કરવુ નથી તેમ કહીને તે પણ રીસાઈને ચાલ્યા ગયેલા. એ વાત ખરી નથી કે મે અને મારા માતા પિતાએ મારી પત્નિ પાસે દહેજની માંગણી કરેલ હોવા છતા મારી પત્નિ મારે ત્યા રહેતી હતી. એ વાત ખરી નથી કે અરજદાર મારી સાથે આવવા માટે સમાજના માણસોથી ઘણા પ્રયત્નો કરેલા પણ હુ લાવેલ નથી. એ વાત ખરી નથી કે આજથી બે વર્ષ અગાઉ મારી પત્નિ પાસેથી દરગાદીના પડાવી લઈ તેને ઘરમાંથી પહેરેલ કપડે કાઢી મુકેલી. એ વાત ખરી નથી કે મારે જાસનવાડા મુકામે ખેતીની ૧૦ વિઘા જમીન આવેલી છે. એ વાત ખરી નથી કે હુ પશુપાલનનો વ્યવસાય કરૂ છુ. એ વાત ખરી નથી કે હુ ખેતી અને પશુપાલનમાંથી વાર્ષીક રૂ.૮ લાખ કમાઉ છુ. એ વાત ખરી નથી કે હુ મારી આવકની તમામ રકમ જમા રાખુ છુ. એ વાત ખરી છે કે મે અરજદારને આજદીન સુધી કોઈ ભરણપોષણની રકમ આપેલી નથી. એ વાત ખરી નથી કે અરજદાર ઘરકામ કરે છે, તેમને કોઈ હુનર ઉદ્યોગ કામ આવડતુ નથી. એ વાત ખરી નથી કે મારી પત્નિને તેના દરદાગીના અને ભરણપોષણ ન આપવુ પડે તે માટે કરી ખોટો જવાબ રજુ કરેલ છે અને આજ રોજ ખોટી જુબાની આપુ છુ."

(૧૦) આમ, આ કામના પક્ષકારો દ્વારા અત્રે રજુ થયેલ મૌખીક તેમજ લેખીત પુરાવાઓ લક્ષમાં રાખી સદર કેસના ન્યાયનિર્ણયને આગળ ધપાવવા પહેલા ભારતીય પુરાવા અધિનીયમની જોગવાઈઓ ધ્યાને લેવી જરૂરી જણાય છે. આમ, ભારતીયા પુરાવા અધિનીયમનમાં સાબીતીનો બોજો અને પુરાવાનો બોજા અંગેની જોગવાઈઓ લક્ષમાં લેવામાં આવે તો જ્યારે કોઈ વ્યક્તિ તેના કેસ સાથે અદાલતમાં ઉપસ્થિત થાય છે તે સંજોગોમાં તે કેસની હકીકતો તેને સાબીત કરવાની રહે છે તે પુરાવાના બોજા અંગેનો પ્રચલીત નિયમ છે. જ્યારે કેસ સાથે ઉપસ્થિત વ્યક્તિ કોઈ હકીકતનું પ્રતિપાદન કરતી હોય અને સામીવાળી વ્યક્તિ તે હકીકતોનું ઈન્કાર કરે છે ત્યારે પુરાવો હકારાત્મક હોય તેટલા કારણોસર પ્રતિપાદન કરતી વ્યક્તિએ તે હકીકત સાબીત કરવી પડે છે અને તે હકીકત માનવા લાયક હોય પરંતુ સામાવાળી વ્યક્તિ તેનો ઈન્કાર કરતી હોય ત્યારે તેવી હકીકત સામીવાળી વ્યક્તિએ તેવી હકીકતોને ખંડન કરતો

પુરાવો રજુ કરવો જોઈએ. આ કામે અરજદાર દ્વારા હાલની અરજી સાથે ઉપસ્થિત થઈ ઘરેલુ હીંસાથી સ્ત્રીઓના રક્ષણ અધિનિયમ હેઠળ હાજર થયેલ છે અને ભરપોષણ મેળવવા, વળતર મેળવવા, રહેણાંક અને રક્ષણ મેળવવા અંગેની દાદ સાથે હાજર થયેલ છે તે સંજોગોમાં ઘરેલુ હીંસાથી સ્ત્રીઓના રક્ષણનો કાયદમાં કરેલી જોગવાઈઓ પણ ધ્યાને લેવી જરૂરી જણાઈ આવે છે.

**કલમ–૨(ક) વ્યથિત વ્યક્તિઃ–**

આ કલમ અન્વયે વ્યથિત વ્યક્તિ એટલે એવી કોઈ પણ સ્ત્રી કે જે સામાવાળાનાં ઘરેલું હિંસાના કૃત્યનો ભોગ બનેલી છે અને તેણી સામાવાળા સાથે ઘરેલુ સંબંધ ધરાવે છે અથવા સામાવાળા સાથે ઘરેલુ સંબંધથી રહેતી આવેલી છે.

**કલમ–૨(એફ) ઘરેલુ સબંધ–**

ઘરેલુ સંબંધ એટલે બે વ્યક્તિઓ વચ્ચેનો એવો સંબંધ કે જેઓ ભાગે પડતાં મકાનમાં સાથે રહેતી હોય અથવા કોઈ સમયે ભાગે પડતાં મકાનમાં સાથે રહેલી હોય કે જ્યારે તેઓ સગોત્ર સંબંધ કે, લગ્ન દ્વારા સંબંધીત હોય અથવા લગ્ન સ્વરૂપના સંબંધો હોય કે દત્તક હોય કે સંયુક્ત કુટુંબના સભ્ય તરીકે સાથે રહેતી હોય તેવી બે વ્યક્તિઓ વચ્ચેનો સંબંધ.

**કલમ–૨(એસ) ભાગે પડતુ મકાન–**

વ્યથિત વ્યક્તિ એકલી કે સામાવાળા સાથે ઘરેલું સંબંધથી રહેતી હોય અથવા રહેલી હોય તેવું રહેણાંકનું મકાન પછી ભલે તે મકાન ભાડાનું હોય અથવા બે પૈકી કોઈની અથવા બંનેની સંયુક્ત અથવા બે પૈકી કોઈની અથવા બંનેની સંયુક્ત માલિકનું હોય અને તેવા મકાનમાં કોઈ હક્ક, હિત, ટાઈટલ કે સમન્યાયી હિત હોય અને તેમાં એવાં મકાનનો પણ સમાવેશ થાય છે કે જે સંયુક્ત કુટુંબની મિલ્કત હોય અને તે સંયુક્ત કુટુંબનો સામાવાળા સભ્ય હોય પછી ભલે તે ભાગે પડતાં મકાનમાં સામાવાળા કે વ્યથિત વ્યક્તિને કોઈ હક્ક, ટાઈટલ અથવા લગભગ હોય કે ન પણ હોય.

**કલમ–૩ ઘરેલુ હીંસા– ઘરેલી હીંસાની વ્યાખ્યા આ કલમમાં સ્પષ્ટ કરવામાં આવેલી છે.**

કલમ–૩ (અ) મુજબ આ કાયદા અન્વયે સામાવાળાનું કોઈ કૃત્ય, વર્તણૂક કે કસૂરથી વ્યથિત વ્યક્તિને કોઈ થાય કે ઈજા થાય અથવા તેની તંદુરસ્તી, સલામતી જીવન, કોઈ અવયવ કે તબીયત પછી તે માનસિક નુકસાન પણ હોઈ શકે અથવા શારીરિક પણ હોઈ શકે તેવી હાનિ કે ઈજા થયેલ હોય અથવા કરવા ધારી હોય તેને ઘરેલું હિંસા ગણવામાં આવે છે. તેમાં શારીરિક દૂરુપયોગ, જાતીય દુરૂપયોગ, મૌખિક કે લાગણીશીલ દુર ઉપયોગ તથા આર્થિક દુરૂપયોગના કૃત્યનો પણ સમાવેશ થાય છે.

કલમ ૩ (બ) મુજબ જો સામાવાળા દ્વારા વ્યથિત વ્યક્તિ અથવા તેના કોઈ સગાને પોતાની દહેજ સંબંધી ગેરકાયદેસરની માંગણી પૂરી પાડવા અથવા કોઈ મિલકત કે કિંમતી જામીનગીરી પૂરી પાડવા ફરજ પાડવા વ્યથિત વ્યક્તિને ત્રાસ અપાય નુકસાન કરાય, ઈજા કરાય અથવા જોખમ ઊભું કરાય તો તેવું કૃત્ય પણ ઘરેલું હિંસાનું કૃત્ય ગણાય છે.

કલમ ૩ (ક) મુજબ વ્યથિત વ્યક્તિ અથવા તેનાં કોઈ સગાં—સંબંધીને પરંતુ (અ) અથવા (બ) મુજબનાં કૃત્ય દ્વારા સામાવાળા ધમકાવતાં હોય અથવા કલમ ૩ (ડ) મુજબ વ્યથિત વ્યક્તિને અન્ય રીતે ઈજા પહોંચાડતાં હોય અથવા નુકશાન કરતાં હોય પછી તે શારીરિક કે માનસિક કોઈપણ સ્વરૂપનું હોઈ શકે છે. આ કલમના સંદર્ભમાં "શારીરિક દુરુપયોગ" એટલે સામાવાળાનું એવું કાર્ય અથવા વર્તન કે જેનાં કારણે વ્યથિત વ્યક્તિને શારીરિક દર્દ, નુકશાન થતું હોય અથવા તેનો જીવ કે કોઈ શારિરિક અવયવ જોખમમાં મૂકાતું હોય અથવા તંદુરસ્તી જોખમમાં મૂકાતી હોય અથવા વ્યથિત વ્યક્તિનો વિકાસ જોખમમાં મૂકાતો હોય અને આવા કૃત્યમાં હુમલો, ગુનાહિત દુષ્પ્રેરણ અને ગુનાહીત બળજબરીનો પણ સમાવેશ થાય છે. આ કલમ અન્વયે સામાવાળાનું એવું કૃત્ય કે વર્તન કે જે જાતીય સ્વરૂપનું હોય અને જેનાં કારણે સ્ત્રીનો દુરૂપયોગ થતો હોય, સ્ત્રીને હલકી પાડવામાં આવતી હોય અથવા ઊતારી પાડવામાં આવતી હોય અથવા તેણીની ગરીમાંનું ખંડન થતું હોય તેવું વર્તન જાતીય દૂરુપયોગ ગણાય છે.

મૌખિક અને લાગણીજન્ય ત્રાસમાં અપમાન, મશ્કરી ઉતારી પાડવામાં આવે તેવા નામેથી બોલાવવી અને અપમાન કરવાનું Rumiliation કૃત્ય અથવા ખાંસ કરીને બાળક ન હોવાના કારણે અથવા દિકરો ન હોવાને કારણે મેણાં ટોણાં મારવા અથવા વાંઝણી વિગેરે અપશબ્દો બોલી ત્રાસ આપવાનો સમાવેશ થાય છે વળી જ્યારે

વ્યથિત વ્યક્તિને જે કોઈ વ્યક્તિમાં ખાસ રસ હોય, જેના પ્રત્યે લાગણી હોય તેવી વ્યક્તિને શારીરિક પીડા આપવાની અવારનવાર ધમકી આપવાનું સામાવાળાનું કૃત્યએ લાગણીજન્ય ત્રાસ દૂરૂપયોગ ગણાય છે જેમકે મા–બાપને મારી નાંખવાની કે ભાઈ–બહેનને મારી નાંખવાની કે કોઈ શારીરિક અવયવ તોડી નાંખવાની ધમકી આપવાનું સામાવાળાનું કૃત્ય મૌખિક સ્વરૂપનો તથા લાગણી જન્ય ત્રાસ ગણાય છે.

આ કલમના સંદર્ભમાં આર્થિક દુરૂપયોગ એટલે કોઈ કાયદા કે રૂઢિ મુજબ વ્યથિત વ્યક્તિને મળવાપાત્ર આર્થિક કે નાણાકીય સાધનોથી વંચિત રાખવી પછી ભલે તે આર્થિક કે નાણાકીય સ્ત્રોત સાધન કોઈ અદાલતના કામથી ચૂકવવા પાત્ર હોય કે અન્ય કોઈ રીતે મળવાપાત્ર હોય અથવા વંચિત વ્યક્તિ જરૂરિયાતને કારણે તેવી માંગણી કરતી હોય આવી જરૂરિયાતમાં માત્ર તેણીની કે બાળકોની રોજીંદા જીવનનિર્વાહની જરૂરિયાતોનો જ સમાવેશ થતો નથી. પરંતુ તેમાં તેણીનું સ્ત્રીધન, વ્યથિત વ્યક્તિએ જાતે અથવા સંયુક્ત પણે લીધી હોય તેવી મિલ્કત, ભરણપોષણની રકમ તથા ભાગે પડતા ભાડાના મકાન સંબંધિત ચૂકવણીઓનો સમાવેશ થાય છે.

વ્યથિત વ્યક્તિની ઘરવખરીનો નિકાલ લાવવો સ્થાવર–જંગમ મિલકતોને કોઈપણ સ્વરૂપે તબદીલ કરવી કિંમતી જણસો, શેર–જામીનગીરી બોન્ડ અથવા એવી કોઈપણ સ્વરૂપની મિલ્કત કે જેમાં ઘરેલું સંબંધને કારણે વ્યથિત વ્યક્તિને રસ હોય હિત હોય અને તેણી તે માટે હક્કદાર હોય અથવા વ્યથિત વ્યક્તિ કે તેણીનાં બાળકોને જે વાજબી જરૂરિયાતો હોય તેનો નિકાલ કરવા અથવા તેણીના સ્ત્રીધનનો નિકાલ કરવો કે સંયુક્તપણે કે વ્યક્તિગત ધોરણે પણ જે અન્ય કોઈ મિલ્કત વ્યથિત વ્યક્તિ ધારણ કરવા હક્કદાર હોય તેનો નિકાલ કરવો વગેરે આર્થિક દૂરૂપયોગનું કૃત્ય જ ગણાય છે.

ઘરેલું સંબંધને કારણે વ્યથિત વ્યક્તિ ભાગે પડતા મકાનની સવલતો કે સાધનો ભોગવતી હોય તે ભોગવવા તેણીને મનાઈ કરવી કે નિયંત્રણ મૂકવું, પ્રતિબંધ મૂકવો તે આર્થિક દુર્વ્યવહારનું કૃત્ય છે.

અલબત્ત કોઈ કૃત્ય, કસુર, આચરણ, વર્તન કે જે સામાવાળા દ્વાર વ્યથિત વ્યક્તિ સાથે કરાતુ હોય તે ઘરેલુ હીંસા ગણાય કે કેમ તેનો નિર્ણય જે તે કીસ્સામાં તમામ હકીકતો અને સંજોગો ધ્યાને લઈને કરવાનો રહે છે.

અર્થાત ટુંકમાં કહીએ તો સ્ત્રીની સ્વપાર્જીત કે સંયુક્ત કમાણી કે રૂઢીગત રીતે સ્ત્રી કુટુંબના સભ્ય તરીકે જે માનપાન મેળવવા હક્કદાર હોય તે તમામમાંથી તે પૈકી કોઇથી તેણીને વંચીત રાખવી અથવા તેણીનું હીત–લાગ–ભાગ હક્ક હીસ્સો ડુબાડવા સ્થાવર–જંગમ મીલકત સગેવગે કરવી કોઈપણ રીતે તબદીલ કરવી કે બોજો ઉત્પન્ન કરવો તેણીને બેન્ક ખાતુ લોક વિગેર ઓપરેટ કરવા અટકાવવી વિગેરે આર્થીક દુરાચારનું કૃત્ય ગણાય.

**કલમ–૧૭ સહીયારા મકાનમાં રહેવાનો અધિકાર**

દરેક સ્ત્રી કે જે ઘરેલુ સબંધ કે કૌટુંબીક સબંધ ધરાવે છે તેને સહીયારા મકાનમાં રહેવાનો અધિકાર છે પછી ભલે તેમાં તેનો લાભાર્થી તરીકે હીત સબંધ હોય અથવા સત્વાધિકાર કે અધિકાર હોય કે ન હોય.

**કલમ–૧૮ સુરક્ષા અંગેના આદેશો**

વ્યથિત વ્યક્તિને અને પ્રતિવાદીને સાંભળવાની તક આપ્યા પછી અને ઘરેલું હિંસાખોરી થઈ હોવાનો પ્રથમ દ્દષ્ટિએ સંતોષ થાય તે પછી મેજિસ્ટ્રેટ વ્યથિત વ્યક્તિની તરફેણમાં સંરક્ષણ આદેશ કરીને પ્રતિવાદીને નીચે જણાવ્યા મુજબનો પ્રતિબંધ ફરમાવી શકશે.

(એ) ઘરેલું હિંસાખોરીનું કોઈ પણ કાર્ય કરતાં,

(બી) ઘરેલું હિંસાખોરીનું કાર્ય કરવામાં મદદકર્યા અથવા દુત્પ્રેરણ કરતાં,

(સી) વ્યથીત નોકરી કરતો હોય તે સ્થળે પ્રવેશતા અથવા વ્યથિત વ્યક્તિ જો બાળક હોય તો તેની શાળાએ અથવા એવા અન્ય કોઈ પણ સ્થળે કે જ્યાં વ્યથિત અવારનવાર આવતો જતો હોય,

(ડી) વ્યથિત સાથે કોઈ પણ સ્વરૂપમાં વાતચીત કરવાનો પ્રયાસ કરવો, જેમાં વ્યક્તિગત, મૌખિક, અથવા લેખિત અથવા ઈલેક્ટ્રોનિક અથવા ટેલિફોનિક સંપર્કનો સમાવેશ થાય છે,

(ઈ) મેજિસ્ટ્રેટની મંજૂરી વગર કોઈ પણ મિલકતને સ્વૈચ્છિક કૃત્યથી હસ્તાંતરણ કરવી, બેંક લોકર્સ ઓપરેટ કરવા, અથવા બેન્ક ખાતાનો ઉપયોગ કરવો, અથવા વ્યથિત અને પ્રતિવાદી દ્વારા અને પક્ષકારો દ્વારા સંયુક્ત અથવા વિભક્ત રીતે ધારણ કરેલા અથવા ઉપયોગમાં લેવાતા બેંક ખાતા, જેમાં તેણીના સ્ત્રીધન અથવા અન્ય કઈ પણ મિલકત પક્ષકારો દ્વારા સંયુક્ત રીતે અથવા વિભક્ત રીતે ધારણ કરવામાં આવી હોય,

(એફ) વ્યથિત વ્યક્તિને ઘરેલું હિંસાખોરીમાંથી બહાર લાવવા જે કોઈ મદદ કરનાર વ્યક્તિ અથવા અન્ય સગાંઓ અથવા આશ્રિતોને હિંસા પહોંચાડવી,

(જી) સંરક્ષણ હુકમમાં દર્શાવેલું કોઈ પણ કૃત્ય કરવા.

આમ, ઉપરોક્ત કાયદાની જોગવાઈઓ લક્ષમાં લેવામાં આવે તો નામદાર કોર્ટ ઘરેલુ હીંસાથી ભોગ બનનાર વ્યક્તિ તથા સામાવાળાની રજુઆતો સાંભવ્યા બાદ પ્રથમદર્શનીય રીતે ઘરેલુ હીંસા થયેલ છે તેવુ જણાય અથવા ઘરેલુ હીંસા થવાની સંભાવના હોવાનું જણાય તો ભોગબનનાર વ્યક્તિની તરફેણમાં રક્ષણમનો હુકમ કરી શકશે. તે ઉપરાંત કાયદાનાની કલમની જોગવાઈઓ જોતા ઘરેલુ હીંસાના કૃત્યમાં જોઈ વ્યક્તિએ મદદગારી કરી હોય તો તેવી વ્યક્તિ સામે પણ હુકમ થઈ શકે છે. આ કામે કાયદાની કલમ ૩માં ઘરેલી હીંસાની વ્યાખ્યા આપવામાં આવેલી છે તે સબબ અરજદાર પોતે ઘરેલુ હીંસાનો ભોગ બનેલ છે તેવા આક્ષેપ સાથે અદાલતમાં ઉપસ્થિત થયેલ છે તે સંજોગોમાં તેવી હકીકતો અરજદારે પુરવાર કરવાની રહે છે.

**(૧૧)** પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવા તથા દલીલો લક્ષમાં લેતા સદર કેસના ન્યાયનિર્ણય કરવા માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**– <u>મુદ્દાઓ</u> –**

૧. શું અરજદાર સાબીત કરે છે કે, સામાવાળાએ અરજદાર પર ઘરેલું હિંસાખોરી આચરેલ છે?

૨. શું અરજદાર પુરવાર કરે છે કે, માંગ્યા મુજબના રક્ષણાત્મક હુકમ મેળવવા હક્કદાર છે.?

૩. શું હુકમ?

**(૧૨)** ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ–

**– <u>નિર્ણયો</u> –**

૧. નકારમાં.

૨. અંશતઃ હકારમાં

૩. આખરી હુકમ મુજબ

**મુદ્દા નં.૧**

**(૧૩)** આમ, આ કામે પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવા લક્ષમાં લેવામાં આવે તો અરજદારના સામાવાળા નં.૧ સાથે લગ્ન થયેલા છે અને અરજદાર તેમજ સામાવાળા નં.૧ પતિ–પત્નિ

તરીકેના સબંધ ધરાવે છે તે હકીકત અત્રે નિર્વીવાદ છે જ્યારે આ કામના અન્ય સામાવાળાઓ અરજદારની અરજીમાં જણાવેલ અરજદાર સાથેના સબંધો હોવાનું પણ નિર્વીવાદીત હકીકત છે. અરજદારે તેઓની અરજીમાં તેમજ તેઓએ આપેલ મૌખીક પુરાવામાં આ કામના અરજદારના લગ્ન આ કામના સામવાળા સાથે તેઓના સમાજના રીતરીવાજ મુજબ તથા હીન્દુ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર થયેલા અને ત્યારથી અરજદાર આ કામના સામાવાળા નં.૧ના કાયદેસરના પત્નિ બનેલા અને આ કામના સામાવાળા નં.૧ તેઓના પતિ થાય છે. હાથ પરના કેસમાં પડેલ પુરાવા જોવામાં આવે તો, અરજદારે તેઓની આંક-૦૧ વાળી અરજીમાં તથા તેઓના પુરાવાના સોગંદનામામાં કથનો કરેલ છે કે તેઓના લગ્ન સામસાટે થયેલા છે એટલે કે તેમના ભાઈના લગ્ન આ કામના સામાવાળા નં.૧ના બહેન એટલે કે સામાવાળા નં.૪ સાથે થયેલા છે અને તે હકીકત પણ નિર્વિવાદીત છે.

(૧૩) હવે, હાથ પરના કેસમાં અરજદાર સાથે આ કામના સામાવાળાઓએ ઘરેલુ હીંસા આચરેલ છે કે કેમ તે અંગે પુરાવાનું મુલ્યાંકન કરતા અરજદારના સામાવાળા નં.૧ સાથે લગ્ન થયેલા છે તે સાટા પદ્ધતીથી થયેલા છે અને એટલે કે સામાવાળા નં.૪ ના લગ્ન અરજદારના ભાઈ સાથે થયેલા છે. અરજદારે તેઓની અરજી તથા સોગંદનામામાં પણ એ હકીકતો દોહરાવેલ છે અને તે હકીકતો સામાવાળા નં.૧નાઓએ તેમના જવાબમાં પણ સ્વિકારેલ છે અને તેઓના આંક-૧૧ વાળા પુરાવમાં પણ જણાવેલ છે. હવે, અત્રે અરજદારને આ કામના સામાવાળાઓએ કોઈ મારઝુડ કરેલ હોય કે શારીરીક માનસીક ત્રાસ આપેલ હોય તેવો કોઈ લેખીત પુરાવો કે અન્ય સાહેદોના મૌખીક પુરાવાથી તેવી કોઈ હકીકત પુરવાર કરી શકેલ નથી જ્યારે આ કામના સામાવાળાએ અરજદારે રજુ કરેલ સોગંદનામાની હકીકતોને ખંડન કરતો જવાબ રજૂ કરેલ છે. વધુમાં, આ કામના અરજદાર હાલની અરજી કરી તેના બે વર્ષ અગાઉથી તેમના પિયરમાં રહેતા આવેલ છે તેવી હકીકત અરજદારે તેઓની ઉલટતપાસમાં સ્વિકારેલ છે. આમ, તે હકીકત પણ સ્પષ્ટ થાય છે કે, અરજદાર અને સામાવાળા નં.૧ના લગ્ન સાટા પદ્ધતીથી થયેલ છે અને બન્ને પક્ષે મનમેળ ન આવતા સામસામે કોર્ટ કેસ દાખલ થયેલ છે. હાથ પરના કેસમાં સામસાટે થયેલ કેસોના કારણે બન્ને પક્ષો એકબીજા પર આક્ષેપ કરે તે સ્વભાવીક છે પરંતુ ફક્ત આક્ષેપ કરી દેવાથી ઘરેલુ હીંસા થયેલ છે તેવી હકીકત પુરવાર થતી નથી. આમ, રજુ થયેલ મૌખીક પુરાવાઓ લક્ષમાં લેતા તે હકીકત રેકર્ડ પર જણાઈ આવે છે કે, અરજદાર દ્વારા કરવામાં આવેલ આક્ષેપો માત્ર મૌખિક સ્તરે છે અને કોઈ દસ્તાવેજી પુરાવા દ્વારા સમર્થિત નથી. અરજદારનું કહેવુ છે કે તેમના પતિ તથા સાસરીયાઓએ તેમને શારીરિક અને માનસિક ત્રાસ આપ્યો હતો, દહેજની માંગણી કરી હતી તથા મારઝુડ કરી ઘરેથી કાઢી મુક્યા હતા. પરંતુ આ ગંભીર આક્ષેપોને સમર્થનરૂપ કોઈ પણ પ્રકારના પુરાવા જેમ કે પોલીસ ફરિયાદ, તબીબી પ્રમાણપત્ર,

સ્વતંત્ર સાક્ષી કે અન્ય દસ્તાવેજ રજૂ કરવામાં આવ્યા નથી. **Protection of Women from Domestic Violence Act,** 2005 **ની કલમ 3 મુજબ, "ઘરેલુ હિંસા"** એટલે શારીરિક, માનસિક, આર્થિક અથવા મૌખિક ત્રાસ, જે કોઇ સ્ત્રીને તેના ઘરેલુ સંબંધમાં ભોગવવો પડે. આ અધિનિયમનો ઉદ્દેશ સ્ત્રીઓને વાસ્તવિક હિંસાથી સુરક્ષા આપવાનો છે, પરંતુ આ કાયદાનો ઉપયોગ માત્ર બિનપુરાવાવાળા આક્ષેપો માટે થઈ શકે તેમ નથી. કોર્ટ સમક્ષ હિંસા સાબિત કરવા માટે કાનૂની રીતે જરૂરી છે કે અરજદાર દસ્તાવેજી પુરાવા અથવા વિશ્વસનીય સાક્ષી રજૂ કરે. આ કામના સામાવાળા નં.૧નો મૌખીક પુરાવો તેમજ અરજદાર તરફે ઉલટતપાસમાં આવેલ હકીકત મુજબ અરજદાર અને સામાવાળા નં.૧ના લગ્ન સાટા પદ્ધતિથી થયેલ છે અને અરજદારના ભાઈ તથા સામાવાળા નં.૧ની બહેન (સામાવાળા નં.૪) વચ્ચે વિખવાદ સર્જાતા તણાવ ઉભો થયો હતો. કાયદાકીય રીતે, કોઈ પણ વ્યક્તિ સામે ઘરેલુ હિંસા સાબિત કરવા માટે પુરાવાનો ધોરણ "preponderance of probabilities" આધારિત છે, જે હેઠળ ન્યાયાલયે પ્રબળ સંભાવનાના આધારે નિર્ણય લેવો પડે છે. અહીં અરજદાર દ્વારા કોઈપણ પ્રકારનો ઠોસ પુરાવો રજૂ ન થવાથી આ સંભાવના ઉભી થતી નથી કે હિંસા વાસ્તવમાં બનેલી છે. માત્ર આક્ષેપો કરવાથી ઘરેલું હીંસા થયેલ હોવાની અરજદારની હકીકત માનવા લાયક રહેતી નથી. જેથી મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપુ છુ.

**મુદ્દા નં.૨**

**(૧૪)** વળી, આ કામના અરજદારે સામાવાળા નં.૧ પાસેથી કલમ ૨૦ મુજબ કુલ ૪૦,૦૦૦/- માસીક ભરણપોષણ પેટે તથા મીલકત દાવાની રકમ રૂ.૨,૦૦,૦૦૦/- તથા શારીરીક માનસીક ઈજાનું નુકશાન રૂ.૫૦,૦૦૦/- આમ, કુલ મળી રૂ.૨,૫૦,૦૦૦/- તેમજ સ્ત્રી ધનના દાગીના પરત અપાવવા તેમજ રૂ.૧૦,૦૦,૦૦૦/- સામાવાળા નં.૧ના કબજામાં છે તે પરત આપવવા દાદ માંગેલ છે. જે લક્ષમાં રાખી આ કામે પડેલ પુરાવાઓ તેમજ કાયદાની કલમ ૨૦ પણ લક્ષમાં લેવી જરૂરી જણાઈ આવે છે જે જોતા....

**કલમ-૨૦ નાણાકીય રાહતો**

(૧) કલમ ૧૨ની પેટાકલમ (૧) હેઠળની અરજીનો નિકાલ કરતી વખતે મેજિસ્ટ્રેટ વ્યથિત વ્યક્તિને અને વ્યથિત વ્યક્તિના બાળકને ઘરેલું હિંસાના પરિણામે સહન કરવા પડેલા નુકસાન અને થયેલા ખર્ચને પહોંચી વળવા માટે નાણાકીય સહાય ચૂકવી આપવા પ્રતિવાદીને હુકમ કરી શકશે અને તેવી સહાયમાં નીચેની બાબતનો સમાવેશ થશે, પરંતુ તે પૂરતી તે સિમિત ગણાશે નહીં.

(એ) ગુમાવેલી આવક,

(બી) દાક્તરી

(સી) અસરકર્તા વ્યક્તિના અંકુશ હેઠળની કોઈ પણ મિલકતને છીનવવાના કારવો અથવા થયેલા નુકસાન અથવા હાનિ અંગેનું નુકસાન,

(ડી) અસરકર્તા વ્યક્તિ અને તેના બાળકો જો હોય તો તેઓના ભરણપોષણ માટે ફોજદારી કાર્યવાહી સંહિતા, ૧૯૭૩ (૧૯૭૪ના ૨ જા)ની કલમ ૧૨૫ હેઠળ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કાયદા હેઠળના ભરણપોષણ ઉપરાંતના ભરણપોષણના હુકમ,

(૨) આ કલમ હેઠળ મંજૂર કરાયેલી નાણાકીય સહાય અસરકર્તા વ્યક્તિ જે નિયમો મુજબ રહેવા ટેવાયેલી હોય તે મુજબની પૂરતી, વાજબી, ન્યાયી અને સાતત્ય ધરાવતી હશે.

(૩) કેસનું સ્વરૂપ અને સંજોગો જોતાં જણાય તો ભરણપોષણ માટે યોગ્ય લાગે તેવી એકઠી રકમની ચૂકવણી કરવા અથવા માસિક ચૂકવણી કરવા માટેનો હુકમ કરવાની મેજિસ્ટ્રેટને સત્તા રહેશે.

(૪) મેજિસ્ટ્રેટ પેટાકલમ (૧) હેઠળ ગ્રાહ્ય રાખેલી નાણાકીય સહાય અંગેના હુકમની નકલ અરજીમાંના પક્ષકારોને અને જેની સ્થાનિક હકૂમત હેઠળ પ્રતિવાદીઓ રહેતા હોય તેવા પોલીસ થાણાના ઈન્ચાર્જ અધિકારીને મોકલી આપશે.

(૫) પ્રતિવાદીએ વ્યથિત વ્યક્તિને ગ્રાહ્ય રાખેલી નાણાકીય સહાય પેટાકલમ (૧) હેઠળના હુકમમાં દર્શાવેલી સમયમર્યાદામાં જ ચૂકવવાની રહેશે.

(૬) પેટાકલમ (૧) હેઠળના હુકમના સંદર્ભમાં ચૂકવણી કરવામાં પ્રતિવાદી નિષ્ફળ નીવડે તો મેજિસ્ટ્રેટ પ્રતિવાદીના પગાર ચૂકતા માલીકે અથવા કરજદારને રકમ સીધેસીધી વ્યથિત વ્યક્તિને ચૂકવી આપવા અથવા કોર્ટમાં પગાર અથવા મહેનતાણા અથવા પાકેલા કરજને અથવા પ્રતિવાદીના ખાતામાં જમા થયેલા વધારાના લાભનો ભાગ કોર્ટમાં જમા કરાવવા હુકમ કરી શકશે કે જે પ્રતિવાદી દ્વારા ચૂકવવાપાત્ર થતી નાણાકીય સહાય સામે ગોઠવણ થઈ શકશે.

**(૧૫)** આમ, ઉપરોક્ત કાયદાની જોગવાઈ અન્વયે આ કામે અરજદાર તરફે રજુ થયેલ પુરાવા તેમજ આ કામના સામાવાળા તરફે રજુ થયેલ પુરાવા ધ્યાને લેતા, આ કામના અરજદારે તેઓના મૌખીક પુરાવામાં તેમજ તેઓની આંક-૦૧ વાળી અરજીમાં જણાવેલ છે કે, આ કામના સામાવાળા ૧૦ વિઘા ખેતીની જમીન ધરાવે છે અને ત્રણેય સીઝન ખેતી કરે છે અને તેમાંથી વાર્ષીક રૂ.૫,૦૦,૦૦૦/- થી વધારે આવક મેળવે છે તેમજ પશુપાલન કરી ડેરીમાં દુધ ભરાવી માસીક રૂ.૩૦,૦૦૦/- ની આવક મેળવે છે, આમ, સામાવાળા વાર્ષીક રૂ.૮,૬૦,૦૦૦/- જેટલુ કમાય છે જે પોતાની પાસે જમા રાખે છે અને તેઓના અરજદાર

સિવાય બીજા કોઈની ભરણ પોષણની જવાબદારી નથી તેવુ જણાવેલ છે. જયારે સામાવાળા નં.૧નાઓએ અરજદારે કરેલ કથનોને ઈન્કાર કરેલ છે. હવે, અરજદારની સામાવાળા તરફે થયેલ ઉલટતપાસ જોતા, તે હકીકત સ્વિકારેલ છે કે, મારા પતિ દશ વિઘા જમીન ધરાવે છે તે બાબતો કોઈ દસ્તાવેજ અમોએ રજુ કરેલ નથી. વધુમાં, તેઓએ જણાવેલ છે કે, એક ટંકે આશરે પચાસથી એશી લીટર દુધ ભરાવવામાં આવે તો, માસીક ત્રીસ હજાર આવક થાય. તે હકીકત સ્વિકારે છે કે દુધ ભરાવવા જઈએ ત્યારે ડેરીમાંથી સ્લીપ આપવામાં આવે છે. તે હકીકત સ્વિકારે છે કે, તેઓના પતિ ડેરીમાં દુધ ભરાવતા હોય તે બાબતો કોઈ આધાર આ કામે રજુ કરેલ નથી. તે હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓના સાસુ સસરા ઉમર લાયક છે. તે હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓના સસરાની ઉમર સીત્તેર વર્ષ જેવી હશે. તે હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓની સાસરીમાં તેઓના પતિ સિવાય બીજી કોઈ વ્યક્તિ કમાવનાર નથી. તે હકીકતનો ઈન્કાર કરે છે કે, તેઓની સાસરીમાં તમામ જવાબદારી તેઓના પતિના માથે છે. તે હકીકતનો સ્વિકાર કરે છે કે હાલની અરજી કરી તે અગાઉ તેઓના પતિએ ડીસા કોર્ટમાં તેઓને તેડી જવા માટે અરજી કરેલી. વધુમા, તેઓ જણાવે છે કે, તૌના પતિ તેઓને લઈ જાય તો તેઓને ઘરમાં પુરીને મારે તથા બીજો ત્રાસ આપે તેથી તેઓને તેમના પતિ સાથે રહેવુ નથી. વધુમાં, જણાવે છે કે, તેઓના તેઓના પતિ કોર્ટ રૂબરૂ લખાણ કરી સારા જામીન આપે તો તેઓ તેમની સાથે રહેવા જવા માટે તૈયાર છે. આમ, હાથ પરના કેસમાં અરજદારે સામાવાળાની આવક અંગેના જે કથનો કરેલ છે તે હકીકતો કોઈ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરી શકેલ નથી ત્યારે માત્ર મોઘમ આક્ષેપો કરવાથી અરજદારની તમામ કથનો સાચા હોવાનું માની શકાય નહી. વધુમાં, અરજદાર હાલમાં તેઓના પિતાને ત્યા રહેતા હોય તથા ઘરભાડા અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરેલા નથી. આમ, અરજદાર દ્વારા માની શકાય તેવા કોઈ દસ્તાવેજી કે મૌખીક પુરાવાઓ વડે અરજીની હકીકત પુરવાર કરેલ નથી. જેથી હાલની અરજીમાં માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર નથી. વધુમાં, સામાવાળાએ તેઓની આવક રેકર્ડ ઉપર લાવેલ નથી પરંતુ કોઈ પણ સ્વસ્થ વ્યક્તિ કામ ધંધો કરી માસીક ૯ થી ૧૦ હજાર આવક મેળવી શકે છે. જેથી સામાવાળા આવક મેળવતા હોવાનુ અદાલત અનુમાન કરી શકે છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગો ધ્યાને લેતા સામાવાળા નં.૧ રૂ.૯૦૦૦/- થી ૧૦,૦૦૦/- હજાર જેટલી કમાણી કરવા માટે સક્ષમ હોવાનું સ્વિકારવામાં આવે તો ન્યાયી અને વાજબી ઠરશે.

**(૧૬)** આમ, સામાવાળા નં.૧ અરજદારના કાયદેસરના પતિ હોય, અરજદારનું ભરણપોષણ કરવા જવાબદાર છે અને રેકર્ડ પરનો પુરાવો ધ્યાને લેતા અને ઉપર કરેલ ચર્ચા મુજબ તથા અરજદારની બચાવપક્ષે થયેલ ઉલટતપાસમાં અરજદારે કબુલ કર્યા મુજબની હકીકતો,

પક્ષકારોનો દરજ્જો, સામાવાળાની આવક, જવાબદારી અને હાલની મોંઘવારી, અરજદારની જરૂરીયાતો, ખર્ચા વિગેરે હકીકતો લક્ષમાં લેતા અરજદારને માસીક રૂ.૩૫૦૦/- ભરણપોષણની રકમ સામાવાળા નં.૧ દર મહીને ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે તો તે ન્યાયી અને વ્યાજબી ગણાશે. આમ, ઉપર ચર્ચા કર્યા મુજબ મુદ્દા નં.૨નો જવાબ અંશતઃહકારમાં આપી મુદ્દા નં.૩ અંગે નીચે મુજબનો હુકમ કરુ છુ.

**-::આખરી હુકમ::-**

**(૧)** અરજદારની અરજી આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે.

**(૨)** આ કામના સામાવાળાએ અરજદારને ભરણપોષણ પેટે માસીક રૂ.૩૫૦૦/-(અંકે રૂપીયા ત્રણ હજાર પાંચસો પુરા) હાલની અરજી દાખલ કર્યાની તારીખથી ચઢે ચઢ્યા ચુકવા આપવાનો હુકમ કરવામાં આવે છે. આ રકમમાં અરજદારની મુળભુત જરૂરીયાતો, મેડીકલ ફેસીલીટી, રહેઠાણની સગવડનું વૈકલ્પીક વ્યવસ્થા રૂપે ભાડાની રકમ વિગેરે પેટે આ રકમ ગણાવામાં આવશે.

**(૩)** આ કામના સામાવાળા નં.૧નાએ અરજદારને આ અરજીના ખર્ચ પેટે રૂ.૧૦૦૦/-(અંકે રૂ. એક હજાર પુરા) ચુકવા આપવાનો હુકમ કરવામાં આવે છે.

**(૪)** વધુમાં, અરજદારે ફેમીલી કોર્ટમાં કે અન્ય કોર્ટમાં ભરણપોષણ મેળવવા અરજી કરેલ હોય અને આવી કોઈ ખાધા ખોરાકીની અરજીમાં જો કોઈ હુકમ થયો હોય તો અથવા થાય તો તે રકમ આ રકમમાંથી મજરે આપવાની રહેશે.

**(૫)** કૌટુંહીક હીંસાથી સ્ત્રીઓના રક્ષણ બાબત અધિનિયમની કલમ ૨૪ મુજબ આ હુકમની એક નકલ અરજદારને વિના મુલ્યે પુરી પાડવી તથા એક નકલ સબંધીત પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ અધિકારીને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૮મી એપ્રીલ, ૨૦૨૬ ના ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

શિહોરી

(રિતેશ વિનોદકુમાર પટેલ)

તા.૦૮/૦૪/૨૦૨૬

જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ, શિહોરી
કોડ નં.જી.જે.૦૧૬૮૬